# –: મૌત અને બેબસી :–

Science એવો દાઅવો કરે છે કે, આવતા ૫૦ વરસમાં તે ઈન્સાનની ઝિંદગી સો વરસ કરતા આગલ વધારવામાં કામિયાબી હાસિલ કરશે. યાઅની કે દુનિયાની સરઝમીન પર સો વરસના અને એથી ઝિયાદહ ઈન્સાનો કદમ-કદમ પર દેખાશે. આ દાઅવો કેટલો પાર પડશે એનીતો આવતા અય્યામ જ ગવાહી આપશે. મગર એક વાતમાં તો ઈખ્તેલાફ જ નથી કે Science હર હાલતમાં મૌત પર કાબૂ નહી જમાવી શકે. સાયન્સી જદીદ ટેકનીક અને ઈલ્મી તજરૂબાઓથી Cloning ના ઝરીએ ઈન્સાને હૈવાનોની શિક્લો સૂરત પૈદા કરી બતાવી. આ જ શિતાબી અને નિઝામથી જો અગર સાયન્સ તરક્કી કરે તો એક દિન ઈન્સાનની હુબહુ શિક્લો સૂરત પણ પૈદા કરી બતાવશે. આ તો ઈન્સાનની પૈદાઈશની વાત થઇ પણ બીજી એક નિહાયત અને જાનિબ પર મૌત છે એનું શું ? મૌતને તો ઈન્સાન વુજૂદમાં પણ લાવી નથી શકો અને રોકી પણ નથી શકો ! Medical Science નવી-નવી દવાઓ અને ઈલાજ ના અસ્બાબ બનાવીને જાનલેવા મરઝ અને બીમારીઓથી આવતી મૌતને થોડા વક્ત વાસ્તે ટાલવામાં કામિયાબ ઝરૂર થયું છે, પણ આ કામિયાબી કામિલ તો નથી જ મૌતની કોઇ હાલતમાં આગાહી કે પૈશગોઈ કરી શકાતી નથી ન કે એને ટાલી શકાય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ત્રણ આયતોમાં મૌતની ઝિક્ર ફરમાવીને ઈન્સાનને દુનિયાની બેસિબાતી અને મૌત સામે એની બેબસીની યાદ અપાવે છે. ખાલિકે કાએનાત ઈરશાદ કરે છે કે, **" જે જગા પર પણ તમેં હશો ત્યાં મૌત તમને પકડી લેશે. અગર તમેં મઝબૂત બુરૂજમાં છુપાએલા હશો તો પણ. "** બીજી જગા પર કુરઆનમાં બયાન છે કે, **" હર નફસ મૌતની લઝ્ઝત ચાખવાવાલો છે. "** ત્રીજી જગા પર ફરમાને ખુદાવંદી છે કે, **" જે વક્ત કે તેઓને મૌત આવે તો એ લોગો એક કલાક (લમ્હો) પણ આગલ યા પાછલ નહીં કરી શકે. "** ઈન્સાની દિમાગ કરતા અલ્લાહની કુદરત અને તાકત હર ચીઝ પર ફેલાયેલી છે. જો અગર સાયન્સ જે મુજબ એ દાઅવો કરે છે એમ ઈન્સાની ઝિંદગીની હદ્દે ઉમરને સો વરસથી આગલ લઇ જઇ શકે તો પણ એ ફક્ત બીમારીઓ પર કામિયાબી હશે, નહી કે મૌત પર. મૌત એક ઈબરત છે અને અકલવાલા ઓને એનાથી શિખામણ હાસિલ કરવી ઝરૂરી છે. મૌત સામે ઈન્સાનની મજબૂરી તે જ વક્ત ઝાહિર થાય છે જે વક્ત Indonesia ના અને આસપાસના બીજા મુલ્કોના દરિયાના કિનારા પર Tsunami ના મોઝાઓ હમ્લાવર થાય છે અને પલભરમાં લાખો લોગોને હલાક કરી નાખે છે. અલ્લાહની કુદરતની યાદ તો તે વક્ત આવે છે કે Afghanistan, Iran, Japan, Uttaranchal અને Latur જેવી જગાઓ પર ઝલઝલો ઝમીનને ઝૈરો-ઝબર કરી નાખે છે. Science ની Latest Technology પર એક શદીદ તમાચો તે વક્ત પડે છે કે જે વક્ત Punjab, Bihar, Spain, UK અને California માં ટ્રેનના હાદેસામાં હઝારો લોગો પોતાની જાન ગુમાવે છે. અલ્લાહની કુદરતની બોલબાલા તે વક્ત આશ્કાર થાય છે જે વક્ત વરસાદી તૂફાન Assam, Brazil અને China માં આવે છે. ગુઝિશ્તા ઠંડીની મૌસમમાં Kashmir અને Afghanistan માં એ શિદ્દતથી બર્ફબારી થઇ કે હઝારો લોગો ઝૈરે બરફ કેદ થઇ ગયા. આ તમામ કુદરતી સાનેહાઓ અને દર્દઅંગેઝ વાકેઆઓ બાદ એ વાત સાબિત થઇ જાય છે કે જેમ જેમ ઈન્સાન સાયન્સ અને ટેકનીકની તરક્કીમાં કદમ-કદમ આગલ વધે છે એટલો જ અલ્લાહની કુદરત અને મૌતને ટાલવામાં એ પસપા અને બેકસ થાતો જાય છે. ★